# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

સ્પેશિયલ વધારો

અંક નંબર સાડાબત્રીશ. પ્રકાશન તારીખ : સાત નવેમ્બર, બે હજાર ચાર, રવિવાર.


આ અંકમાં પ્રકાશિત થયેલી સામગ્રીના કારણે ઊભા થતા કોઈ પણ કાનૂની મામલાની જવાબદારી મારી છે.
– મિત્રાનંદસાગર

## ત્રણે સાધુઓએ સેક્સકાંડ આચર્યાની

# સંયમસાગરની

# સ્ફોટક કબૂલાત

‘‘અખિલ મહેતા : તમે દુરાચાર સેવ્યો છે એ વાત સાચી છે એમ એગ્રી થાઓ છો, બરોબર? ઓકે?

**સંયમસાગર : હા...**

અખિલ મહેતા : હઁ.. જો આ તમે પહેલા દિવસે તૈયાર થઈ ગયા હોત તો તમારો કેટલો મોટો બચાવ થઈ જાત!

**સંયમસાગર : તમારી વાત સાચી છે પણ ડર તો રહે જ ને?’’**

સંયમસાગર સાથે અખિલ મહેતાએ કરેલી ટેલિફોનિક વાતચીતનો અંશ...
આ અખિલ મહેતા કોણ છે?..... જોતા રહો હવે પછીના અંકો....

## *પુરાવાઓની હારમાળામાં પહેલો પુરાવો...*

*માત્ર ‘પોતાના’ મગજથી વિચારનારાઓ જ આ વાંચે*

# સંયમસાગરે ટેલિફોન ઉપર પત્રકાર અખિલ મહેતા પાસે કેવી રીતે સેક્સકાંડની કબૂલાત કરી છે? વાંચો ધ્યાનથી, એકવાર, બે વાર, પ્રત્યેક શબ્દનો મર્મ પકડીને...

સં. બરાબર છે, સાચી વાત છે.
અ. મ. હેં? એટલે તમે દુરાચાર સેવ્યો છે એ વાત સાચી છે એમ એગ્રી થાઓ છો, બરોબર? ઓકે?
સં. હા...
અ. મ. હઁ.. જો આ તમે પહેલા દિવસે તૈયાર થઈ ગયા હોત તો તમારો કેટલો મોટો બચાવ થઈ જાત!
સં. તમારી વાત સાચી છે પણ ડર તો રહે જ ને?
અ. મ. હેં? શું?
સં. ડર તો રહે કે નહીં?
અ. મ. ના ના રહે. ચોક્કસ ડર રહે. આજે તમારી જગ્યાએ હું હોઉં, મને પણ એટલો જ ડર રહે, એમાં કોઈ સવાલ નથી. પણ તમે તો ભલા માણસ કેટલાં બધાં પાટ ઉપરથી વ્યાખ્યાનો આપ્યાં હશે, એની અંદર તમે આ બધું સમજાવ્યું હશે ને લોકોને?
સં. એ વાત સાચી છે. પણ તમે મેં પહેલાં જ કીધું ને કે માણસ માત્ર ભૂલને પાત્ર છે.
અ. મ. બરોબર છે. તો ભૂલ થઈ ગઈ છે તો જાણે એ વાત તો હકીકત છે.
સં. મેં આવું કર્યું એ તમે જુઓ સાચું કહું ને તો આ એકમાં જ ફસાયો છું,
અ. મ. હઁ..
સં. ..... બાકી તમે જે ધર્મિષ્ઠાની વાત કરો છો ને તમે કહો એના સોગન ખાઈને કહું તમને...
અ. મ. બરોબર...
સં. કે...
અ. મ. ના, પણ એણે તમારે ત્યાં આત્મહત્યા કરી એ તો હકીકત છે.
સં. મારી વાત તો સાંભળો. એ જે વિશાલ છે ને તે મારી સાથે પહેલેથી નાનપણથી રહેલો છે.
અ. મ. બરોબર...
સં. અને મેં છોકરાની જેમ રાખ્યો છે.
અ. મ. બરોબર...
સં. સાચું કહું છું તમને...
અ. મ. હા બરોબર, તો એણે તમારી ગાડી કેમ વેચી નાખી?
સં. એક વાત તો સાંભળો.
અ. મ. હાં બોલો...
સં. મને પૂછીને વેચી ’તી એણે..
અ. મ. એમ?
સં. હા કંઈ એવું નથી..
અ. મ. બહાર તો બધે એવી ચાલાકી વાપરે છે કે મેં વેચી મારી એની સંયમસાગરજીને ખબર નથી.
સં. ના ના એવું નથી...
અ. મ. એમ?
સં. એવું હોય? પૈસા પણ એણે વેચીને મારી ‘બા’ને લઈને આપ્યા હતા.
અ. મ. ખેર એ જે હોય તે.. એની સાથે આપણને બહુ રસ નથી. એ તમારા.. એ તમારા માણસ વિષે તમે જાણો.
સં. અખિલેશભાઈ, તમને ખોટું નથી કહેતો.
અ. મ. હાં બરોબર...
સં. એની પત્ની જે ... હત્યા કરી ને?
અ. મ. હઁ..
સં. બળી ગઈ ને?
અ. મ. હાં..
સં. એમાં વિશાલના પપ્પાએ દીક્ષા લીધી છે.
અ. મ. બરોબર હા એ ખબર છે મને. બધો જ રેકોર્ડ છે મારી પાસે.
સં. એના કારણે.... એમાં હું લેશમાત્ર સંડોવાયેલો નથી.
અ. મ. કંઈ વાંધો નહીં.. હોઈ શકે તમારી વાત સ્વીકારી શકાય એવી છે. પણ મૂળ મુદ્દો એક જ છે અત્યારે કે જે તમારો પોતાનો વ્યક્તિગત, અઁ... જેને તમારી ભાષામાં વ્રતભંગ કહે છે એ. એટલો જ અત્યારે તો આપણે... એ મુદ્દાને જ મહત્ત્વ આપીએ. કે તમે એ તમારા જીવનની અંદર કરી છે એ વસ્તુ ઉપરાંત, અઁ... શિવસાગરનો પરિચય પણ તમે જ એમને કરાવ્યો હતો.
સં. એમાં એવું છે...
અ. મ. અને પ્રેમસાગરની ઓળખાણ પણ તમે..... તમે ધારો કે ફસાઈ ગયા એમ કહો છો તો તમે બીજા સાધુને કેમ ફસાવ્યા એની અંદર?
સં. એ કહે મને.. કે
અ. મ. હઁ..
સં. કે પૈસા જોઈએ મારે છે આમ કરો તો મારું ગુજરાન ચાલે.
અ. મ. બરોબર, એટલે તમે ઓળખાણ કરાવી. બબ્બે સાધુની ઓળખાણ તમે એમને કરાવી, અને બબ્બે સાધુઓએ એનો લાભ લીધો. બરોબર? તો એમાં પણ તમારી

## ‘જુઓ, ત્યાં... એણે જે આ ટેપ કર્યું છે ને તે પણ હું જાણતો હતો’

જવાબદારી થઈ ને?

**સં.** **એ તો હવે જે બન્યું તે. મેં તમને કહી તો દીધું ને મેં.**

અ. મ. બરોબર છે. ના પણ તમારી જે સરળતા છે ને એ મને ખૂબ પસંદ પડી છે.

**સં.** **એવું નથી.**

અ. મ. હઁ...

**સં.** **મારી વાત સાંભળો.**

અ. મ. હઁ

**સં.** **હજુ તમે મને મળ્યા નથી.**

અ. મ. હાં...

**સં.** **અને મને.... મને તમારો પરિચય નથી.**

અ. મ. બરોબર છે.

**સં.** **સાચું કહું.. હું જે હોય એ... હું... અઁ.. છુપાવવા નથી માગતો. હું દંભ કરવા નથી માગતો.**

અ. મ. બરોબર...

**સં.** **મેં એને કીધું, હવે જો...**

અ. મ. હઁ..

**સં.** **જુઓ, ત્યાં... એણે જે આ ટેપ કર્યું છે ને તે પણ હું જાણતો હતો.**

અ. મ. બરોબર..

**સં.** **તમને કહું..**

અ. મ. બરોબર...

**સં.** **તમને કહું. એણે કીધું હશે.**

અ. મ. ના પણ એમાં એવું છે.

**સં.** **મારી વાત સાંભળો એક મિનિટ...**

અ. મ. એક મિનિટ એક મિનિટ પ્લીઝ, તમારી જે સેક્સની કેસેટ છે, જે અમે તમને [ફોન ઉપર] સંભળાવી હતી. એ જો તમે જાણતા હો તો તમે એ થવા જ ના દો ને?

**સં.** **પૂછી જુઓ મેં કીધું હતું કે નહીં એને!**

અ. મ. ના ના, એમાં પૂછવાનું ક્યાં રહે છે. કોઈ....

**સં.** **સાચું કહું છું બસ?**

અ. મ. કોઈ વ્યક્તિ થવા દે ખરૂં? પોતાનું કંઈ પણ ઊતરતું હોય, કેસેટ કે ટેપ તો કોઈ એવું બનવા દે ખરૂં?

**સં.** **પૂછી જુઓ એણે મારી સામે કર્યું. મેં એને કીધું...**

અ. મ. ના ના એ તો બરોબર છે. તો બંધ કર્યા પછી અમારા સુધી કઈ રીતના પહોંચી.

**સં.** **હવે એ ભગવાન જાણે!**

અ. મ. હેં હેં હેં... તમે.... તમને સંભળાવી એ તો હકીકત છે.

**સં.** **... હું ક્યાં ખોટું કહું છું.**

અ. મ. બરોબર છે? અમારા સુધી પહોંચી એ હકીકત છે?

**સં.** **હા..**

અ. મ. જો તમે બંધ કરાવી દીધી તો એ કેસેટ તમારી પાસે હોવી જોઈતી હતી.

**સં.** **ના મેં લીધી નહોતી**

અ. મ. હાં...

**સં.** **જુઓ એવું મારે કરવું જ નહોતું.**

અ. મ. બરોબર...

**સં.** **કારણ કે મેં એને કીધું હતું કે જો ભઈ, હવે આપણે કોઈ સંબંધ રહેતા નથી. તને... આર્થિક તકલીફ પડે**

અ. મ. હઁ

**સં.** **કે તને તો... તારે છોકરાને ભણાવવા માટે ...... ફી આપવા માટે... એવું હોત તો હું ના બંધ કરી દેત?**

અ. મ. ના બરોબર છે. ના, મદદ કરવી એ તો આપણી ફરજ છે. પણ એની સામે તમે એનો જે લાભ ઉઠાવ્યો છે ને એ ખોટું છે.

**સં.** **હઁ..**

અ. મ. એક કોઈ પણ ગૃહસ્થને તમે મદદ કરો સાધુ તરીકે, એ બહુ સારૂં પાસું છે. ગરીબોની ચિંતા(!) કરવી જ જોઈએ. દેશમાં ગરીબો ઘણા છે. પણ એનો જે.... સ્ત્રીનો લાભ ઉઠાવવો સાધુપણામાં એ વ્યાજબી નથી.

**સં.** **એમ નહીં, એમણે એ લોકોએ ......**

અ. મ. હેં?

**સં.** **એમણે સામેથી કરી હતી, બસ!**

અ. મ. એમણે તો કર્યું..

**સં.** **હઁ..**

અ. મ. પણ તમે તો તમારી ફરજ ભૂલ્યા ને?

**સં.** **એ હું ભૂલ્યો. હું ના પાડતો નથી ને...**

અ. મ. હઁ, હવે... ધારો કે આ બધું પતી જાય. પછી તમારા એ લોકો સાથે સંબંધ શું હશે?

**સં.** **કોઈ જ નહીં.**

અ. મ. ખરેખર?

**સં.** **ચોક્કસ, બસ?**

અ. મ. તમે જુઓ, સમજી વિચારીને બોલો છો ખ્યાલ રાખજો.

**સં.** **જુઓ મારી વાત સાંભળો.**

અ. મ. હઁ..

**સં.** **હું કહું છું ને કે વિશ્વાસ મારી ઉપર રાખજો.**

અ. મ. હઁ..

**સં.** **એ એ એ રીતેનો કોઈ સંબંધ નહીં હોય.**

અ. મ. હઁ, બરોબર. સારૂં તો હવે...

**સં.** **મેં તો એને ય કીધું છે..**

અ. મ. હઁ...

**સં.** **તારે આવવું હોય તો એકલો આવવું.**

અ. મ. બરોબર... હં હં. ના એ તો ઠીક છે, એ તો બરોબર છે. જે બી હોય તે. ■■■

(વધુ અવસરે... જરૂર પડશે ત્યારે... ગમે ત્યારે... મારી મરજીએ...)

સંયમસાગર, શિવસાગર આદિ મુનિઓ વિરુદ્ધ મેં જાહેરમાં આપેલી ચેલેન્જોને કોઈ માઈનો લાલ ઝીલી શક્યો નથી. દિલને કમકમાટી ઉપજાવે એવા તેઓના અત્યંત ઘૃણાસ્પદ સેક્સકાંડને છાવરનારા અને મારી પીઠ પાછળ જ બકવાસ કરી શકનારા દૂર દૂર મુંબઈ, ગાંધીનગર, પાલિતાણા, સાબરમતી, વિજાપુર વગેરે સ્થળોએ બેસીને પોતે જ જજ, પોતે જ વકીલ અને પોતે જ અસીલ બની જઈને પોતાની જાતે જ પોતાની ફેવરમાં ચુકાદો આપીને ત્રબલ રોલ ભજવનારા અને....

શાસનની સેવાની ચળ ઉપડ્યા પછી શાસનની સેવાના ખરા અવસરે દુરાચારીઓ અને તેમના રખેવાળોની પગચંપી કરનારા બનાવટી શાસનપ્રેમીઓ અને....

મારૂં અપહરણ કરીને મને આ દુનિયામાંથી દૂર કરવા સુધીના 'મુંગેરીલાલ કે હસીન સપને' જોનારા અને....

શિવસાગર જેવા અનંતાનંત મહાસેક્સી સાધુને ધરાર પંન્યાસ પદ આપવા તૈયાર થયેલા અને....

ડગલે ને પગલે *શાસ્ત્ર, સિદ્ધાંત, ભગવાનની આજ્ઞા*નું તૂત અને ડીંડવાણું ચલાવીને સરળ પ્રજાની આંખમાં વરસો સુધી ધૂળ નાંખીને તેમને 'ચંદુ' બનાવવામાં સફળ રહેલા પરંતુ *શાસ્ત્ર, સિદ્ધાંત, ભગવાનની આજ્ઞા*નું પાલન કરવાનો વખત આવતાં જ એની ઉપર કપડાં કાઢીને સૂઈ જનારા અને....

અને પેલી જૈન શાસનની રક્ષા માટે બનેલી હોવાનું કહેવાતી આચાર્યોની સમિતિ વગેરે

સૌ કોઈને પુરાવાઓની હારમાળાનો પહેલો મણકો સાદર સમર્પણ....

બીજો મણકો હવે પછી ક્યારેક. ક્યારે તે નક્કી નહીં. જોતા રહો *જય જિનેન્દ્ર*...

યાદ રાખો – આમાં છપાયેલી તમામ સામગ્રીની જવાબદારી મારી પોતાની છે. અને અગાઉ હું સેંકડોવાર કહી ગયો છું તેમ, જેની માએ સવાસેર સૂંઠ ખાધી હોય તે મેં આપેલા પડકારોનો સામનો કરી શકે છે...

– મિત્રાનંદસાગર

# પુરાવાના એક અંશના જાહેર પ્રકાશનની પૂર્વભૂમિકા

સમુદાયના એક ખ્યાતનામ વડીલ પાસે એકાંતમાં, કોઈ ન જાણે તેમ તદ્દન ગુપ્ત રીતે સર્વપ્રથમ ત્રણે મુનિઓના સેક્સકાંડની રજૂઆત કરવામાં આવી હતી. એ વખતે આશા તો એવી હતી કે પૂજ્યપાદ દાદા ગુરુ ભગવંત આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજનું લૂણ ખાનારાઓ તેમણે પ્રસ્થાપિત કરેલી પરંપરાને વફાદાર રહેશે. એ પછી સમુદાયના મુખ્ય ત્રણ આચાર્યો પાસે પણ રજૂઆતો કરાઈ, પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. ખુદ સેક્સકાંડમાં સંડોવાયેલા મુનિઓને પણ પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ થઈ જાઓ તો તમારી કોઈ વાત જાહેર નહીં કરૂં તેવું મેં વચન આપ્યું. પરંતુ સત્તાનો ઘમંડ હોય કે પછી સંપત્તિનો નશો, મારી તમામ રજૂઆતો, (જૈન સંઘના ગૃહસ્થ અગ્રણીઓ સહિત) તમામ સ્થળે કચરાપેટીના હવાલે થઈ. એ બધો ઈતિહાસ અહીં લખીને સમય બગાડવાનો હવે કોઈ અર્થ રહ્યો નથી.

એ વખતે કદાચ કોઈને અંદાજ નહોતો કે મિત્રાનંદસાગર પાસે કેવી સ્ફોટક સામગ્રી છે. આખરે પરિસ્થિતિઓએ એવો વળાંક લીધો કે જેના કારણે મેં મારો આખો વ્યૂહ બદલી નાખ્યો અને તરુણાવસ્થાથી જ પ્રખર સેક્સપ્રેમી સંયમસાગરનો પત્રકાર અખિલ મહેતા (એ ભડ પત્રકાર કોણ છે? તે જાણવા ઇચ્છો છો ને? એ જાણવા મળશે *જય જિનેન્દ્ર*ના આગામી અંકમાં)ના માધ્યમથી ટેલિફોનિક સંપર્ક સાધ્યો. એમની સામે *'એમના જ સેક્સકાંડની કેસેટ'* રજૂ કરવામાં આવી. થોડી ક્ષણો પહેલાં ફોન ઉપર સિંહગર્જના(!) કરનારા સંયમસાગર બીજી જ ક્ષણે ઢીલાઢસ થઈને મીંદડી મ્યાઉં થઈ ગયા અને તેમની બધી હવા નીકળી ગઈ. આખરે તેમણે કબૂલાત કરી લેતાં મારૂં કામ ખૂબ આસાન થઈ ગયું.

ગમે તેમ, પણ સંયમસાગરને સલામત કરી દેવા માટે તત્કાલ દક્ષિણ ભારતમાં મોકલી દેવામાં આવ્યા. અથવા તો તેઓ સ્વયમેવ ચાલ્યા ગયા. એમ સમજીને કે તેમની ગેરહાજરીમાં મામલો ઠંડો પડી જશે. (હવે તેઓ પોતાની 'કામભૂમિ'માં પરત આવી ગયા છે.) અસ્તુ.

આ બે વરસ દરમ્યાન મેં જૈન સંઘના આગેવાનો, શાસનરક્ષક, શાસનભક્ષક, સંસ્કૃતિરક્ષક, સંસ્કૃતિનાશક, જ્ઞાની, અજ્ઞાની સહિત બરાડા પાડવામાં માહેર દરેક વર્ગનું પાણી માપી લીધું છે. અને એનું પરિણામ જાહેર કરીને હું એમને આથી વધારે નીચા ઊતારવા માગતો નથી.

હવે મૂળ વાત.

મેં બહુ વખત પહેલાં *જય જિનેન્દ્ર*માં લખ્યું હતું કે 'ગંદકીના ઠામમાં ગંદકી પડી જશે.' આખરે એમ જ બન્યું છે. ગંદકીના ઠામમાં ગંદકી પડી ગઈ છે. અને સાગર સમુદાયના ખલનાયક શિવસાગરને તા. ૨ ડિસેમ્બર ૨૦૦૪ના પદપ્રદાન થઈ રહ્યું છે.

મને લાગે છે કે હવે એમની વિરુદ્ધના પુરાવાઓ અટકાવી રાખવાનો કોઈ મતલબ નથી. કદાચ આ જ યોગ્ય ક્ષણ છે એના પ્રકાશનની.

ફરી એક વાર યાદ રાખશો : અહીં રજૂ થયેલો પુરાવો પાશેરામાં પહેલી પૂણી છે. અહીં રજૂ થયેલી સંયમસાગરની સ્ફોટક કબૂલાતમાં તેણે સેક્સ સેવ્યાનું અને શિવસાગર - પ્રેમસાગરે પણ તેની રખાત સાથે સેક્સ સેવ્યાનું સ્પષ્ટ થઈ જાય છે.

હવે પછીના પુરાવા ક્યારે પ્રગટ થશે તે અત્યારે કહેવું વહેલું ગણાશે.

શિશુપાલના 'સો'મા ગુનાની રાહ પણ ક્યારેક જોવી પડતી હોય છે. અને એવી રાહ જોવામાં હું કદી ધીરજ ગુમાવતો નથી.

– મિત્રાનંદસાગર

Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380 051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004